**નામદાર જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, માળીયા હાટીના**
**<u>ફોજદારી કેસ નંબર–૧૫૬૪/૨૦૨૨ ના કામે આંક–૦૧ તળેનું સાંધણ...</u>**

(૧) સદર રેકર્ડ વંચાણે લેતાં હાલની ફરિયાદ, ફરિયાદી દ્વારા તા.૨૯/૦૮/૨૦૨૨ નાં રોજ ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮, ૧૪૨ હેઠળ આરોપી સામે દાખલ કરેલ છે. ત્યારબાદ અત્રેની કોર્ટ દ્વારા આરોપી સામે સમન્સ/નોટીસ તથા જામીનલાયક વોરંટ કરતાં તે બજી ગયેલ છે. આરોપી અત્રેની કોર્ટમાં હાજર ન રહેતાં વારંવાર પકડ વોરંટ કાઢતાં આરોપી તપાસ કરતાં મળી આવેલ ન હોવાનાં શેરા સાથે પરત આવતાં રજુ થયેલ છે. જેથી આરોપીનાં પકડ વોરંટ બજવણી અર્થે હાથોહાથ મળવાની ફરિયાદપક્ષ દ્વારા રજુ થયેલ અરજીઓ અનુસાર વોરંટનાં હાથબીડા આપેલ હોવા છતાં ફરિયાદપક્ષ આરોપી ઉપર વોરંટની બજવણી કરાવી શકેલ નથી. તેમજ તા.૨૮/૧૧/૨૦૨૫ નાં રોજ ફરિયાદી દ્વારા આરોપી તેઓને તા.૦૫/૧૨/૨૦૨૫ નાં રોજ સમાધાન કરીને રકમ ચુકવી આપશે તેવી હકિકત વાળુ ફરિયાદી દ્વારા સોગંદનામું આંક–૧૯ થી રજુ રાખેલ છે. ત્યારબાદ પણ આરોપી હાજર ન રહેતાં તેની સામેનું પકડ વોરંટ હાથોહાથ મળવા ફરિયાદપક્ષેથી આંક–૨૦ થી અરજી રજુ કરતાં તે તળેનાં હુકમ મુજબ આરોપી સામેનાં પકડ વોરંટનો ફરિયાદપક્ષને હાથબીડો આપેલ હોવા છતાં સદર વોરંટની આજદિન સુધી બજવણી કરાવી શકેલ નથી. ફરિયાદપક્ષને યોગ્ય અને પુરતી તકો આપવા છતાં બજવણી કરાવવામાં નિષ્ફળ નિવડેલ છે. આજરોજ ફરિયાદી કે તેઓનાં વિ.વકિલશ્રી હાજર નથી કે કોઈ રિપોર્ટ કે કોઈ વિશેષ રજુઆત પણ ન હોય જેથી ફરિયાદ પક્ષને હાલની ફરિયાદ આગળ ચલાવવામાં કોઈ રસ ન હોવાની તેમજ ફરીયાદી કે આરોપીની હાજરી વગર હાલની ફરિયાદ આગળ ચલાવી શકાય તેમ ન હોય તેવી હકિકત રેકર્ડ આધારીત સ્પષ્ટ જણાય આવે છે.

(૨) આમ, હાલનો કેસ છેલ્લી ઘણી મુદતોથી બિનઅસરકારક રીતે અત્રેની કોર્ટમાં પડતર પડી રહેલ છે. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટ એસ. રામાક્રિષ્ના વિ. રામીરેડ્ડી (૨૦૦૮)(૦) એ.આઈ.આર.(એસ.સી.) ૨૦૬૬ નાં ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ ફરિયાદીને અચોકકસ સમયગાળા માટે ફરિયાદ પડતર રાખી મુકવા માટે અનુમતિ આપી શકાય નહિં, તે સાથે નામ. ગુજરાત હાઈકોર્ટના ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ અપીલ નં.૨૪૦૫/૨૦૦૯, તા.૧૮/૦૧/૨૦૧૦ નો ચૂકાદો ધ્યાને લેતાં, તેમાં નામ. ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, ફરિયાદી કે તેમના વિ. વકિલશ્રી લાંબા સમયથી કાર્યવાહિમાં હાજર રહેતા ન હોય કે કાર્યવાહિ આગળ ચલાવવા કોઈ સક્રિય પ્રયાસ કરતા ન હોય તો, તે બાબતે ફરિયાદપક્ષની બેદરકારી કહેવી પડે અને તેવી બેદરકારી સબબ ફરિયાદ રદ થવાને પાત્ર બને છે. હાલના કેસમાં પણ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ હાલની ફરિયાદ ફરિયાદપક્ષની બેદરકારી અને કશુરને લીધે રદ કરવાને પાત્ર હોવાથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**નામદાર જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, માળીયા હાટીના**
**<u>ફોજદારી કેસ નંબર–૧૫૬૪/૨૦૨૨ ના કામે આંક–૦૧ તળેનું સાંધણ...</u>**

**–:: હુકમ ::–**

(૧) હાલની ફરિયાદ ફરિયાદપક્ષની બેદરકારી અને કશુરને કારણે રદ કરવામાં આવે છે.

(૨) આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ તારીખ : ૨૫, માહે : માર્ચ, સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહિ તથા કચેરીનો સિકકો કરીને જાહેર કર્યો.

**સ્થળ :** માળીયા હાટીના.
**તારીખ :** ૨૫/૦૩/૨૦૨૫.

**(બી. વી. ગોહિલ)**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**માળીયા હાટીના (કોડ નં.જીજે–૦૧૪૫૬)**